**રે. દ.નં. ૪/૨૦૧૬**

**આંક–૧ નીચે હુકમ**

સદર કામે જજમેન્ટ ડેબ્ટર પર જંગલ મિલકત જપ્તી વોરંટ આંક – ૧૫થી અવારનવાર ઈસ્યુ કરવામાં આવેલ છે. અને તે સદરહુ જંગમ મિલકત જપ્તી અંગેની કાર્યવાહી ડીક્રી હોલ્ડરના અધિકૃત કર્મચારીની હાજરીમાં અત્રેની કોર્ટના બેલીફ મારફતે કરવામાં આવેલ છે પરંતુ સદરહુ જજમેન્ટ ડેબ્ટર પર જંગલ મિલકત જપ્તી વોરંટની બજવણી આજદીન સુધી થયેલ નથી જેનુ કારણ ઘરે જઈ તપાસ કરતા હાજર મળી ન આવતા જંગલ મિલકત જપ્તી વોરંટની બજવણીનો અમલ કરાવેલ નથી તેવો શેરો ભરાયેલ છે.

આજરોજ ડીક્રી હોલ્ડર તથા તેઓના વિ.વ.શ્રીનો અવાર નવાર પોકાર કરતા કોર્ટમાં હાજર નથી કોઈ મુદત રીપોર્ટ રજુ થતો નથી કે કોઈ મૌખિક રજુઆત સુધ્ધા થતી ન હોય તા. ૩/૭/૨૦૧૮ના રોજ છેલ્લે બેલીફ મારફતે જંગલ મિલકત જપ્તી વોરંટની બજવણીની કાર્યવાહી કરવામાં આવેલ હતી પરંતુ ઉપરોકત કારણોસર બજવણી થયેલ ન હોય ત્યારબાદથી ડીક્રી હોલ્ડર કે તેઓના વિ.વ.શ્રી કોર્ટમાં હાજર રહેતા ન હોય તથા આગળ કોઈ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં રસ દાખવતા ન હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

સદરહુ દરખાસ્ત ડીક્રી હોલ્ડર તથા તેઓના વિ.વ.શ્રીની સતત ગેરહાજરીને કારણે સી.પી.સી.ઓર્ડર – ૯ રૂલ – ૩ તથા સી.પી.સી. કલમ – ૧૫૧ હેઠળ ન્યાયના હિતમાં ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે અને તે રીતે સદરહુ દરખાસ્ત ફેસલ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખ ૨૦ મી ઓકટોબર સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા. ૨૦/૧૦/૨૦૧૮
સ્થળ ખેડબ્રહમા

સહી/–
(એ.એ. દવે.)
એડીશનલ સીવીલ જજ
ખેડબ્રહમા
જજ કોડ જી.જે. ૦૧૪૪૨